# અમદાવાદના મહે.૬ઠ્ઠા જયુ મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં

**ફોજ.કેસ.નં.૮૨૭/૨૦૨૩**
**આંક:–**

ફરીયાદ :– શ્રી સરકાર

**// વિરુધ્ધ//**

આરોપી :– ગોવિદભાઈ હમીરજી વણઝારા
રાણીપ.

ગુનો : ગુજરાત નશાબંધી ધારાની કલમ : ૬૬(૧) બી, ૮૫(૧)(૩), તથા જી.પી.એકટ ૧૧૦,૧૧૭ મુજબ

---

**// ચુ કા દો //**

(૧) આજરોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે રાષ્ટ્રીય લોકઅદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ : ૬૬(૧) બી, ૮૫(૧)(૩), તથા જી.પી.એકટ ૧૧૦,૧૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી તેમાં એવી હકીકત જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારું તેમજ અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ. અમોએ દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશિસ્ત ભાષા વાપરેલ નથી કે મારા–મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આોપ પણ નથી. ચાર્જશીટના કોલમનં.૫ માં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારુ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યા માત્રનો આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતી સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર આવવાની જરુર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરુરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો

અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

(૪.૧) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**//હુ ક મ//**

(૧) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૬ (૧) અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપી ને રૂપિયા ૧૦૦/- ( શબ્દોમા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન - ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૩ મી માહે ઓગસ્ટ સને ૨૦૨૨ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમા જાહેર કર્યો.

(એ.સી.સખિયા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય)
U.I.CODE GJ 01418

તારીખઃ- ૧૩/૦૮/૨૦૨૨
સ્થળઃ- અમદાવાદ(ગ્રામ્ય)

**અમદાવાદના મહે. ચોથા અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ (ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નંબર :–  / ૨૦**
**આંક:–**

અમદાવાદના મહે. ચોથા અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી સાહેબની રૂબરૂ હાજર થઈને લખાવુ છુ કે

| | |
|---|---|
| મારૂ નામ | ::– |
| મારા પિતા / પતિનુ નામ | ::– |
| મારી ઉંમર આશરે | ::– પુખ્ત |
| મારો ધંધો / વ્યવસ્યાય | ::– મજુરી |
| મારૂ રહેઠાણ | ::– |
| મારો મોબાઈલ નંબર | ::– |
| સવાલ | ::– તમને પોલીસ પેપર્સની નકલ મળી છે |
| જવાબ | ::– હા જી. |

સવાલ ::– તમોએ ચાર્જશીટમાં કોલમ નંબર – ૫ માં દર્શાવ્યા મુજબ બનાવના દિવસે, સમયે અને જગ્યાએ નશા કરેલી હાલતામા જાહેરમા વગર પાસ પરમીટે મળી આવેલ હોય તેમ કરી તમો એ ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૬ (૧)બી મુજબ નો ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે તો તે ગુનો તમને કબુલ મંજુર છે ?

જવાબ ::– હા જી મને ગુનો કબુલ – મંજુર છે.

––––––––––––––––––––––––– મારી રૂબરૂ,

તારીખઃ– /૦૮/૨૦૨૨
સ્થળઃ– અમદાવાદ(ગ્રામ્ય)

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય)

**અમદાવાદના મહે. ચોથા અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ (ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નંબર :– / ૨૦**
**આંક:–**

ફરીયાદ :– શ્રી સરકાર

// વિરૂધ્ધ //

આરોપી :–

બાબત :– ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૬ (૧)બી

---

**// ગુના કબુલાત પુરસીસ //**

અમો નીચે સહી કરનાર આરોપીની માનસર અરજ છે કે – અમોને આ કામમાં ગુનો અમારી સ્વેચ્છાએ કોઈપણ જાતની ધાક – ધમકી વગર કબુલ – મંજુર છે. આ અમારો પ્રથમ ગુન્હો છે. અમો બાળ– બચ્ચાવાળા માણસ છીએ અને અમારા ઘરના એકમાત્ર કમાવનાર છીએ અને અમારા કુટુંબનો એકમાત્ર આધાર છીએ, અમારા ઘરના તમામની જવાબદારી અમારી ઉપર છે. ગુન્હો નોંધાયા બાદ અમારી ઉપર કોઈ ગુન્હો નોંધાયેલ નથી. ઉપરોકત તમામ હકીકતોને ધ્યાને લઈ કાયદામાં દર્શાવેલ સજા કરતા ઓછી સજા કરી અમારા ઉપર રહેમ કરવા નમ્ર અરજ છે. અમારૂ વાહન કબ્જો કરવામાં આવેલ ના હોઈ અમો કલેઈમ કરતા નથી.

તારીખ :– /૦૮/૨૦૨૨ --------------------------------
સ્થળ ::– અમદાવાદ (ગ્રામ્ય) ( આરોપીની સહી)

RECORDED

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય)